આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૦૧-૧૧-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## વેસ્ટ ટું એનર્જી પ્લાન્ટ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના પિરાણા ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જાહેર ખાનગી ભાગીદારીથી નિર્માણ પામેલો આ પ્લાન્ટ 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આની મદદથી એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી દરરોજ 15 મેગાવૉટ વીજળી ઉત્પન્ન થશે.

અત્રે ઉલ્લેખનીય છે  કે, આ ગુજરાતનો આ પહેલો વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ છે.

(RNU અમદાવાદ/અશરફ નથવાણી)

---

## રેલ્વે-એડવાન્સ ટીકીટ બુકિંગ

રેલવેએ ટ્રેનની  ટિકિટ માટેના એડવાન્સ રિઝર્વેશન બુકિંગના નવા નિયમો આજથી લાગુ કર્યા છે. જે મુજબ ટ્રેનોમાં એડવાન્સ રિઝર્વેશન માટેની હાલની સમય મર્યાદા 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરાઇ છે.  જો કે 31 ઓક્ટોબર સુધીની તમામ આરક્ષિત ટિકીટો યથાવત રહેશે.

રેલ્વે મંત્રાલયના જણાવ્યા અનુસાર 61 થી 120 દિવસના સમયગાળા માટે બુક કરાયેલી 21 ટકા ટિકીટો રદ થતી હોવાથી આ નિર્ણય લેવાયો છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે વિદેશી પ્રવાસીઓ માટે **365** દિવસની એડવાન્સ રિઝર્વેશન બુકિંગ મર્યાદા યથાવત રાખવામાં આવી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી

સરકાર દ્વારા ખેડૂતો પાસેથી મગફળી, મગ, અળદ, સોયાબિન સહિતના પાકોની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે, જેના માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી માટેની સમય મર્યાદા વધારીને **10** નવેમ્બર સુધી લંબાવાઇ છે.

ખરીફ પાક **2024-25** માટે મગફળી **6783** રૂપિયા, મગ **8682** રૂપિયા, અળદ **7400** રૂપિયા, જયારે, સોયાબિન **4892** રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. ખરીફ **2024-25**માં મુલ્ય સમર્થન યોજના હેઠળ આ પાકોની ટેકાના ભાવે ખરીદી આગામી **11** નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ માટે જે ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવવાની બાકી રહી ગઈ હોય તેમણે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસીઇ મારફતે નાફેડના ઇ-સમૃધ્ધિ પોર્ટલ પર કરાવી લેવા જણાવવામાં આવ્યું છે.

**(NP/ અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## એગ્રીસ્ટેક પ્રોજેક્ટ

એગ્રિસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારના સયુંક્ત પ્રયાસોથી ફાર્મર રજિસ્ટ્રી હેઠળ તમામ ખેડૂતોને આધાર આઇ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળશે. આ માટે **15** ઓક્ટોબરથી ખેડૂત નોંધણીની શરૂઆત કરવામાં આવી છે. તમામ ખાતેદાર ખેડૂતોએ આ ફાર્મર રજિસ્ટ્રી હેઠળ આગામી **31** માર્ચ **2025** સુધીમાં ફરજિયાત નોંધણી કરાવવા જણાવાયું છે.

**દરમ્યાન, ભારત સરકાર દ્વારા પી.એમ. કિસાન સન્માન નિધિના આગામી ડિસેમ્બરના હપ્તા માટે ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરાઈ છે, જેથી પી.એમ. કિસાનનો લાભ મેળવતા તમામ લાભાર્થીઓએ આજથી શરુ થયેલા નવેમ્બર મહિનાની 25મી તારીખ સુધીમાં ફરજિયાત ખેડૂત આઈ.ડી.ની નોંધણી કરાવવાની રહેશે. આ માટે ખેડૂતોએ આધારકાર્ડ, આધાર સાથે લિંક મોબાઈલ નંબર, 7/12, 8-અની નકલ સાથે ગ્રામ પંચાયત ખાતેના વી.એલ.સી. અને વી.સી.ઈ.નો સંપર્ક કરી નોંધણી કરાવી શકાશે.**

**અત્રે ઉલ્લેખનીય છે કે, આ નોંધણી થકી ખેડૂતોને પોતાની તમામ જમીનની માલિકીની માહિતી મેળવવા તેમજ ખેતીવાડી અને ધિરાણ સંબંધી તમામ લાભો મેળવવા સરળ બનશે.**

**(NP/ અશરફ નથવાણી)**

---

## આગ લાગવાની ઘટનાઓ

દિવાળીની ઉજવણી વચ્ચે ગત રાત્રે રાજ્યમાં આગની અલગ અલગ ઘટનાઓ બની હતી. જેમાં અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, વઢવાણ, બનાસકાંઠા, જુનાગઢ, અમરેલી અને જાફરાબાદમાં આગ લાગવાની ઘટનાઓ ઘટી હતી.

કચ્છમાં પણ ગઈરાત્રે અકસ્માતે આગ લાગવાની વિવિધ ઘટનાઓ નોંધાઈ હતી.

ફાયર વિભાગે આપેલી માહિતિ મુજબ ગઈકાલે સાંજના 8 વાગ્યાથી આજે સવારે 7 વાગ્યા સુધી ભુજ શહેરમાં અલગ અલગ 16 સ્થળે નાના મોટા આગ લાગવાના બનાવો બન્યા હતા. સૌથી મોટી આગ ભુજ શહેરના સંતોષી માતાજીના મંદિર સામે જાહેર માર્ગે આવેલી હંગામી બજારમાં લાગી હતી. ફાયર વિભાગે 40 હજાર લીટર પાણીનો મારો ચલાવી આ આગને કાબુમાં લીધી હતી.

RNUBHUJ

વિવિધ સ્થળે આગની ઘટનાઓને કાબુમાં લેવાની કામગીરીમાં ભુજ ફાયર વિભાગનો સ્ટાફ આખી રાત ખડે પગે રહી દુર્ઘટનાઓને મોટી બનતાં અટકાવી હતી.

બીજી તરફ, પંચરંગી શહેર ગાંધીધામ સંકુલમાં પણ દિવાળીની રાત્રે સતત આગ લાગવાની ખબર મળતી રહી હોવાનું ગાંધીધામ નગરપાલિકા હસ્તકના ફાયર વિભાગ પાસેથી જાણવા મળ્યું છે. રાત્રિ દરમિયાન કુલ 12 જેટલા આગના બનાવો સામે આવ્યા હતા, જ્યાં ફાયર વિભાગ તેમજ ઇમરજન્સી રિસ્પોસન્સ સેન્ટરના ફાયર ફાયટરો સતત વ્યસ્ત રહ્યા રહ્યા હતા.

**(NP/અશરફ નથવાણી)**

---

## માંડવી-વોટર રાઈડસ

**માંડવી દરિયા કિનારા પર પરવાનગી વગરની વોટર રાઇડ્સ બંધ કરાવાઇ છે.**

**માંડવી બીચ પર હાલ દિવાળી વેકેશન માણવા આવતાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે ત્યારે કોઈ હોનારત કે અકસ્માતની ઘટાનાઓ ન બને તે માટે માંડવી મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી અને ડીઝાસ્ટર અધિકારીની સૂચના તેમજ પરિપત્ર મુજબ નવી ગાઈડ લાઇન અંતર્ગત આ નિર્ણય લેવાયો છે.**

**(NP/અશરફ નથવાણી)**

---

RNUBHUJ

# કચ્છ-માસ્ટર એથલેટિક્સ સ્પર્ધા

ભુજની લાલન કોલેજ ખાતે યોજાયેલી **43**મી માસ્ટર એથલેટિક્સ ચેમ્પિયનશિપ અને ઓલ ઇન્ડિયા સિલેક્શનમાં કચ્છના ખેલાડીઓનો દબદબો જોવા મળ્યો હતો. કચ્છના કુલ **55** ખેલાડીએ ભાગ લઈ **80** મેડલ જીતી કચ્છનું નામ રોશન કર્યું હતું. જેમાં બરછી ફેંકમાં એક સુવર્ણ ચંદ્રક નો સમાવેશ થાય છે.

આ સ્પર્ધામા **450** જેટલા ખેલાડીઓ કચ્છના મહેમાન બન્યા હતા. વિજેતા ખેલાડીઓ આગામ ફેબ્રુઆરી મહિનામાં દિલ્હી ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા માસ્ટર્સ એથલેટિકસમાં ભાગ લેશે. ખેલાડીઓને કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા અભિનંદન પાઠવ્યા હતા.

**(NP/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

RNU BHUJ